
MARRIAGE COLLECTION
જોધપુરી શુટ, મોદી કોટી,
ડિઝાઈનર શુટ માટે
પ્રિન્ટેડ શુર્ટીંગનો ખજાનો
ડીજીટલ પ્રિન્ટેડ શર્ટીંગ
બ્રાન્ડેડ ફેબ્રિક્સ વિશાળ રેન્જ
La-Fab
Your Outlook is Our Lookout
મેફેર રોડ, આણંદ. ફોન - ૨૫૦૯૯૧



સત્ય માટે, સહુની સાથે

# નયા પડકાર

R.N.I. Reg. No. 43431/84 P.O. Regd. No. G/AND/ 39/ 2018-20 email : nayapadkar@gmail.com website : nayapadkar.in



નંબરવાળા પ્રીસ્કીપ્શન
ડાર્ક સનગ્લાસીસ....
... તમારી મનપસંદ બ્રાન્ડ
તથા શેડ્સમાં ઉપલબ્ધ
ચશ્માઘર
મ્યુનીસીપલ હોસ્પિટલ સામે,
સ્ટેશન રોડ, આણંદ
ચિત્રાંગના કોમ્પલેક્ષ,
આણંદ – વિદ્યાનગર રોડ, આણંદ



વર્ષ : ૩૪ અંક ૨, ૧૩ માર્ચ ૨૦૧૮ મંગળવાર ફાગણ વદ ૧૧ વિક્રમ સંવત ૨૦૭૪ મુદ્રક પ્રકાશક મેનેજિંગ તંત્રી : દીપકભાઈ પટેલ, ગુજરાત સાથી પ્રકાશન પ્રા.લિ. સાથી એસ્ટેટ, આણંદ *Published from ANAND* ટેલિફોન નં. ૨૫૨૮૪૦,૨૫૩૪૪૦ ફેક્સ ૨૪૦૧૧૪ કિંમત : ૧ રૂ. પાનાં : ૮


# મહારાષ્ટ્ર : ખેડૂતોની માંગણીઓ સ્વીકારાતાં આંદોલનનો અંત

મુંબઈ,તા. ૧૨

મહારાષ્ટ્રમાં ખેડૂતોના આંદોલનનો આજે આખરે અંત આવ્યો હતો. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી પ્રવર્તી રહેલી અંધાધૂંધીનો પણ અંત આવી ગયો હતો. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે ખેડૂતોને ખાતરી આપી હતી કે, સરકારે તેમની મોટાભાગની માંગણીઓને સ્વીકારી લીધી છે. ખેડૂતોની મુખ્ય માંગણીમાં લોન માફીની માંગણી પણ સામેલ હતી. ખેડૂતોએ કહ્યું છે કે, સરકારને તેમની માંગણીને પહોંચી વળવા માટે થોડોક સમય આપવામાં આવ્યો છે. મોટાભાગની માંગણી સ્વીકારવામાં આવી હોવાની વાત મુખ્યમંત્રીએ પણ સ્વીકારી છે. લેખિતમાં ખાતરી પણ આપવામાં આવી છે. ખેડૂતોના મુદ્દે આજે જોરદાર દેખાવો થયા હતા. મોટી સંખ્યામાં ખેડૂતો મુંબઈ પહોંચ્યા હતા. ખેડૂતોના મુદ્દા ઉપર સરકારે તરત જ ધ્યાન આપ્યું છે. મહારાષ્ટ્ર સરકાર દેવામાફી અને સ્વામીનાથન પંચની ભલામણોને લાગૂ કરવાની માંગણી કરી રહેલા ખેડૂતોને મનાવી લેવામાં આખરે સફળ રહી છે. જુદી જુદી માંગોને લઈને લેખિત ખાતરી આપવાની રજૂઆત સરકાર તરફથી કરવામાં આવી હતી. ફડનવીસે પહેલાથી જ રચનાત્મક વલણ અપનાવવાની વાત કરી હતી. મુખ્યમંત્રીની સાથે બપોરે વિધાનસભામાં ખેડૂતોના પ્રતિનિધિમંડળે વાતચીત કરી હતી. આ વાતચીત આશરે ત્રણ કલાક સુધી ચાલી હતી. બેઠક બાદ સરકારે લેખિત ખાતરી પણ આપી હતી. ખેડૂતો નિર્ણયથી સંતુષ્ટ હોવાની વાત સિંચાઈમંત્રી ગીરીશ મહાજને મોડેથી આપી હતી. મુખ્યમંત્રીએ કહ્યું છે કે, મોટાભાગની માંગણી સ્વીકારી લેવામાં આવી છે. મિટિંગ પહેલા ફડનવીસે કહ્યું હતું કે, પહેલા જ દિવસે જ વાતચીત કરવામાં આવી ચુકી છે. ખેડૂત નેતા અજીત નવલેએ અગાઉ કહ્યું હતું કે, સરકાર સામે આક્રમક વલણ અપનાવવામાં આવનાર છે. આજે સવારે ૩૦ હજારથી પણ વધુ સંખ્યામાં ખેડુતો તેમના ખેતરોને છોડીને મુંબઈમાં પહોંચ્યા છે. સવારે તમામ ખેડુતો ઐતિહાસિક આઝાદ મેદાન ખાતે એકત્રિત થયા હતા. જો કે પરીક્ષાને ધ્યાનમાં લઈને દેખાવો ૧૧ વાગ્યે પછી શરૂ કરવામાં આવ્યા હતા. સંપૂર્ણ લોન માફી સહિતની જુદી જુદી માંગણીઓને લઈને ૩૦૦૦૦થી પણ વધુ ખેડૂતો મુંબઈ પહોંચ્યા હતા. આ ખેડૂતો વિધાનભવનો ઘેરાવ કરવા માટેની તૈયારીમાં દેખાયા હતા. લોન માફી સહિતની જુદી જુદી માંગણીઓને લઈને ખેડૂતો આક્રમક દેખાઈ રહ્યા

અનુસંધાન પાન ૨ ઉપર


મહારાષ્ટ્રના કિસાન પ્રતિનિધિઓ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે મંત્રણા કરવા જઈ રહ્યા છે.

## ખેડૂતોને પરત મોકલવા વિશેષ ટ્રેનો દોડાવાઈ

મુંબઈ, તા. ૧૨

નારાજ ખેડૂતોની હડતાળનો અંત આવ્યા બાદ ખેડૂતોની મોડી સાંજે પરત ફર્યા હતા. સેન્ટ્રલ રેલવે દ્વારા નાસિક પરત ફરવા ઈચ્છુક ખેડૂતો માટે ખાસ ટ્રેનો પણ દોડાવી હતી. એક ખાસ ટ્રેન રાત્રે ૮.૫૦ વાગે ૧૩ કોચ સાથે ભુસાવલ માટે રવાના થઈ હતી જ્યારે બીજી ખાસ ટ્રેન ભુસાવલ માટે ૧૮ કોચ સાથે રાત્રે ૧૦ વાગે રવાના થઈ હતી. જ્યારે પંચવટી એક્સપ્રેસમાં વધારાના જનરલ કોચ ગોઠવીને આ ટ્રેન દોડાવવામાં આવી હતી જે ૬.૧૫ વાગે રવાના થઈ હતી. હાવડા મેઈલમાં પણ એક્સ્ટ્રા કોચ ઉમેરીને આને રવાના કરવામાં આવી હતી. દાદર-શિરડી ટ્રેનમાં એક્સ્ટ્રા જનરલ કોચ ઉમેરીને આ ટ્રેનને રાત્રે ૯.૪૫ વાગે રવાના કરવામાં આવી હતી. મહારાષ્ટ્ર સરકારના મંત્રીએ કહ્યું હતું કે, સરકારે પેન્ડિંગ મુદ્દાઓનો ઉકેલ લાવવા માટે ચીફ સેક્રેટરી હેઠળ ખાસ સમિતિની રચના કરવાનો નિર્ણય કર્યો છે. જે ખેડૂતોના નામ વન્ય જમીન ટ્રાન્સફર કરવાના મુદ્દાનો પણ ઉકેલ લાવશે.

**કેટલીક એક્સપ્રેસ ટ્રેનોમાં વધારાના ડબ્બાઓ ઉમેરાયા: ખેડૂતોની સમસ્યાના ઉકેલ માટે કમિટિ રચાશે**

# નેપાળમાં વિમાન તૂટી પડયું, ૫૦થી વધુનાં મોત

કાઠમંડુ,તા. ૧૨

નેપાળના કાઠમંડુ આંતરરાષ્ટ્રીય વિમાની મથક પર ઉતરાણ દરમિયાન આજે એક યાત્રી વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં ૫૦થી વધુ લોકોના મોત થઈ ગયા છે. અન્ય અનેક લોકો ઘાયલ પણ થયા છે. આ વિમાનમાં ૩૭ પુરુષો, ૨૭ મહિલાઓ અને બે બાળકો મુસાફરી કરી રહ્યા હતા. ૧૭ ઘાયલ થયેલા લોકોને બચાવી લેવામાં પણ સફળતા હાથ લાગી છે. યુએસ-બાંગ્લા એરલાઈન્સનું વિમાન વિમાની મથક પર દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ તેમાં ભીષણ આગ ફાટી નિકળી હતી અને દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ તેમાં આગ ફાટી નિકળી હતી. ૫૦થી વધુના મોત થઈ ગયા હતા. ઘાયલોને જવાના કારણે મૃત્યુ પામ્યા છે. ફ્લાઈટ યુબીજી ૨૧૧ બાંગ્લાદેશના ઢાકાથી કાઠમંડુના નિયમિત ઉડાણ ઉપર હતું. આ

**વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ ભીષણ આગ ફાટી નિકળી : વિમાનમાં ૬૭ યાત્રીઓ અને ચાર ક્રૂ મેમ્બરો હતા : ૧૭ને બચાવી લેવાયા**

તમામ યાત્રીઓ ભડથુ થઈ ગયા હતા. બોમ્બાર્ડિયર ડેસ ૮ ક્યુ૪૦૦ વિમાનમાં ૬૭ યાત્રીઓ અને ચાર ક્રૂ મેમ્બરો હતા. ઉતરાણવેળા રનવે ઉપર સારવાર માટે કાઠમંડુ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કેટલાકને હોસ્પિટલમાં મૃત જાહેર કરાયા હતા. મોટાભાગના લોકો દાઝી વિમાને ઢાકાથી ઉડાણ ભરી હતી અને સ્થાનિક સમય ૨.૨૦ વાગે ઉતરાણ કર્યુ હતું. ઉતરાણ કર્યા બાદ રનવે પર વિમાનમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી અને આ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું. તેમાં આગ ફાટી નિકળી હતી. આ વિમાનને કોટેશ્વર ઉપર રનવેની દક્ષિણી બાજુથી ઉતરાણ કરવાની મંજુરી અપાઈ હતી પરંતુ તે આ વિમાને ઉત્તર બાજુથી ઉતરાણ કર્યું હતું. રનવે ઉપર દુર્ઘટનાગ્રસ્ત વિમાનને લઈને તંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. ૫૦થી વધુ મૃતદેહ સ્થળ પર મળી આવ્યા છે. કાટમાળથી મૃતદેહ કાઢવામાં આવ્યા છે. સરકારી પ્રવક્તાના કહેવા મુજબ આ ખુબ જ મોટી

અનુસંધાન પાન ૨ ઉપર


નેપાળના કાઠમંડુ આંતરરાષ્ટ્રીય વિમાની મથક પર ઉતરાણ દરમિયાન યુએસ-બાંગ્લા એરલાઈન્સનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં કાટમાળમાં ફેરવાઈ ગયું હતું. જેમાં ૫૦ ના મોત થયા છે અને ૧૭ ને બચાવી લેવાયા છે.


## અક્ષરધામ ગમન



અ.નિ. હરિકૃષ્ણભાઈ શાંતિલાલ પટેલ
(શંભુભાઈ)
પ્રતિ ગામ ગાના (હાલ આણંદ) થી
પટેલ મહેન્દ્રભાઈ (યોગી) હરિકૃષ્ણભાઈના જય શ્રી સ્વામીનારાયણ
મારા પિતાશ્રી હરિકૃષ્ણભાઈ શાંતિલાલ પટેલ (શંભુભાઈ, નારાયણ ડેરીવાળા)
જે અમેરીકા મુકામે અક્ષરધામ થયેલ છે.

સદ્‌ગતના અગ્નિસંસ્કાર (ડેલાવર) અમેરીકા મુકામે
તા.૧૩/૦૩/૨૦૧૮ના અગીયારસના રોજ રાખેલ છે.

યોગેશભાઈ રાવજીભાઈ પટેલ (બાપજી) | જનક ઘનશ્યામભાઈ પટેલ
ઘનશ્યામભાઈ પરસોતમભાઈ પટેલ | રામચંન્દ્ર કાન્તિભાઈ પટેલ

કોન્ટેક યુ.એસ.એ. +૧ ૩૦૨૩૯૭૪૬૭૯


# ફ્રોડ કરનાર ફરાર દોષિતોની બધી સંપત્તિને જપ્ત કરાશે

**અતિ કઠોર જોગવાઈ ધરાવતું બિલ લોકસભામાં રજૂ ૧૦૦ કરોડથી વધુનું દેવું ધરાવનાર તેમજ દેશથી ફરાર તમામ ડિફોલ્ટરો ઉપર બિલની જોગવાઈઓ લાગૂ કરાશે**

નવીદિલ્હી, તા. ૧૨

નિરવ મોદીને આવરી લેતા પંજાબ નેશનલ બેંક કૌભાંડનો મામલો સપાટી ઉપર આવ્યા બાદ કેન્દ્ર સરકાર અને જુદી જુદી તપાસ સંસ્થાઓ આક્રમક પગલા લઈ રહી છે ત્યારે કેન્દ્ર સરકારે પણ આને લઈને આક્રમક તૈયારી કરી છે. આ પ્રકારના બનાવો અને કૌભાંડ ફરી ન સર્જાય તે માટે સરકારે આજે ખુબ જ કઠોર બિલ રજૂ કર્યું હતું. લોકસભામાં આ બિલ રજૂ કરવામાં આવ્યા બાદ ડિફોલ્ટરો અને ફરાર થઈ ગયેલા શખ્સો સામે સકંજો મજબૂત કરવામાં આવશે. આ બિલમાં તેમની પાસેથી દેવાની વસુલી કરવા માટે લોન ડિફોલ્ટરો અને ફરાર થઈ ચુકેલા છેતરપિંડી કરનાર લોકોની તમામ સંપત્તિ જપ્ત કરવાની જોગવાઈ કરવામાં આવી છે. ફ્યુજીટીવ ઈકોનોમિક ઓફેન્ડર્સ બિલ ૨૦૧૮નો મુખ્ય હેતુ નિરવ મોદી જેવા ફરાર દોષિતોની તમામ સંપત્તિ વેચી મારવા અથવા તો જપ્ત કરવાની જોગવાઈ કરવાનો છે. નિરવ મોદી પંજાબ નેશનલ બેંકમાં થયેલા ૧૨૭૦૦ કરોડ રૂપિયાના કૌભાંડમાં મુખ્ય સુત્રધાર તરીકે છે. આ કાયદા મારફતે હવે ડિફોલ્ટરો ઉપર સકંજો મજબૂત કરવામાં આવશે. ૧૦૦ કરોડ રૂપિયા અથવા તો તેનાથી વધુની બાકી રકમ હોવા છતાં ફરાર થઈ ગયેલા શખ્સો ઉપર સકંજો મજબૂત કરવામાં આવશે. ભારતના કાયદાની પ્રક્રિયાને ટાળીને હજુ સુધી અપરાધીઓ વિદેશમાં ફરાર થઈ

અનુસંધાન પાન ૨ ઉપર

## રિટેલ ફુગાવો ૪ માસની નીચી સપાટીએ

નવીદિલ્હી,તા. ૧૨

રિટેલ ફુગાવો અથવા તો કન્ઝયુમર પ્રાઈઝ ઈન્ડેક્સ ઉપર આધારિત ફુગાવો ઘટીને ચાર મહિનાની નીચી સપાટીએ પહોંચ્યો છે. રિટેલ ફુગાવો ૪.૪૦ ટકાની નીચી સપાટીએ પહોંચી ગયો છે. મોંઘવારીમાં ઘટાડો થતાં મધ્યવર્ગને પણ રાહત થઈ છે. ફેબ્રુઆરી મહિનામાં ૪.૪૦ ટકાનો ફુગાવો નોંધાયો છે. આજે શેરબજારમાં કારોબાર પૂર્ણ થયા બાદ રિટેલ ફુગાવાના આંકડા જારી કરવામાં

અનુસંધાન પાન ૨ ઉપર

# સોનિયા ગાંધીની આજે ડિનર બેઠક : મમતા ગેરહાજર હશે

કોલકાતા, તા. ૧૨

એકબાજુ કોંગ્રેસ ૨૦૧૯ લોકસભા ચૂંટણી પહેલા ભાજપને ભીંસમાં લેવા માટેની તૈયારીમાં છે ત્યારે બીજી બાજુ કોંગ્રેસના આવા પ્રયાસોને પહેલાથી જ મોટો ફટકો પડ્યો છે. કારણ કે સોનિયા ગાંધી દ્વારા આવતીકાલે યોજવામાં આવનાર સૂચિત ડિનરમાં મોટાભાગના વિરોધ પક્ષો સામેલ થઈ રહ્યા છે પરંતુ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ સામેલ નહી થવાનો સંકેત આપ્યો છે. સોનિયા ગાંધી તરફથી આયોજિત કરવામાં આવેલા આ ડિનરમાં મોટાભાગના વિરોધ પક્ષો સામેલ થનાર છે. લોકસભાની ચૂંટણી પહેલા તમામ રાજકીય પક્ષોને એકત્રિત કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આવી સ્થિતિમાં સોનિયા ગાંધીના આ પ્રયાસને મમતા બેનર્જીના કારણે ફટકો પડ્યો છે.

અનુસંધાન પાન ૨ ઉપર


વારાણસીમાં ગંગા નદી ખાતે નૌકા વિહાર કરતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુએલ મૈક્રો.